સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

બદલાઇ જાય વિચાર-શ્રેણી માયા ના ખેલ છે,
પાર પડી જાય સોદા ખાનગી માયા ના ખેલ છે,
નાચે-નચાવે, પટકે-પટાવે માયા ના ખેલ છે,
નેવે મૂકી નાક, સાચવે સત્તા, માતા ના ખેલ છે..
(રાજ્યસભા માં વિજય)

હાઈકુ

થીડીની ઢાલે,
સંભાળે સો મોરચા
એકલવીર!

કોંગી સેનાનું
કીડી પર કટક
ધો ગુજરાત!

ચિંતન

યથા ચિત્તં તથા વાચો તથા વાયસ્તથાકિયા,
ચિત્તે વાચિ ક્રિયાણાં ચ સાધૂના મેકરૂપતા ॥

'જેવો વિચાર, એવી જ વાણી અને જેવી વાણી એવું જ કર્મ એ રીતે સાધુપુરૂષ-સજ્જનના વિચાર-વાણી-કર્મ એકરૂપ હોય છે.'

આજના ભૌતિક યુગમાં, સ્વાર્થ સિવાય કોઇને, કોઇની પડી જ નથી. પરિવાર, સંયુક્ત કુટુંબ, સમાજ-દરેક જગ્યાએ, 'પોતાનો ફાયદો' પ્રથમ જોવામાં આવે છે - પરિણામે મન-વચન-કર્મમાં છળકપટ આવી જ જાય છે...

આજકાલ 'ચૂંટણી'ના વાતાવરણમાં દરેક પક્ષ-નેતાઓ ઢંઢેરા પીટી પ્રજાને આકાશના તારા બતાવે છે ચૂંટાઇ ગયા પછી તમે કોણ અમે કોણ? એમની વાણી બોલે છે એક પણ વર્તનમાં તો માત્ર સ્વાર્થ જ હોય છે.

બાપુ-સાધુ-સંત-મહાત્મા દંભથી સંસાર ત્યાગ કરે છે પણ પછી શિષ્યો-ધનિકની સહાય પાછા ભૌતિક સુવિધા સાથેના આશ્રમ-બંગલા બનાવે છે અને ત્યાગ-સમર્પણના ભાષણ-વ્યાખ્યાન આપે છે. એમનાં કર્મ-આચરણ અને વાણીમાં ભેદ સ્પષ્ટ નજરે પડે છે.

સજ્જન વ્યક્તિના મન-વચન-કર્મમાં સંકલન હોય છે જે વિચારે તેવું જ બોલે જે બોલે તેનું જ તેવું આચરણ કરે.

સુવિચાર

- યૌવનકાળમાં દિવસ નાના અને વરસ મોટાં હોય છે, જ્યારે વૃધ્ધાવસ્થામાં દિવસ મોટા અને વરસ નાનાં હોય છે - પેનિન
- યુવાવસ્થામાં આપણે જે શિક્ષણ પ્રાપ્ત કરીએ છીએ તે શિક્ષણનું-જ્ઞાનનું ઉંડાણ-વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થાય છે - મેરી ઓવનર ઓશેનવાસ
- યૌવનની આશાઓ સૂર્યમુખી ફૂલ જેવી છે તે સદાય પ્રકાશ રૂપી ઉન્નતિ તરફ જ મુખ રાખે છે - જુન એંજલો
- તમે યૌવનકાળમાં સેવેલાં સ્વપ્નોને વફાદાર રહો - સિલર
- યૌવન કંઇક નીવડવાનો અને કોઇક ઉચ્ચ સ્થાને પહોંચવાનો એકમાત્ર અવસર છે - દીદી માનગર
- યૌવન, સૌંદર્ય અને ઐશ્વર્ય-એ ત્રણેમાં મનુષ્યને મદાંધ બનાવવાની શક્તિ છે- કાલીદાસ
- દેશના ભાવિનો આધાર યૌવનની વિચારશ્રેણી-અને આચરણ પર આધારિત છે - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

ખેડૂત-મજૂર શ્રમિકોને ટાઢ-તડકો નડતો નથી એવું નથી પણ લાચારી અને મજબૂરીમાં એમનાં શરીર નાનપણથી ટેવાઇ-કસાયેલાં થઇ ગયાં હોય છે - પછી આપણે પ્રધાનશ્રી અને સચિવશ્રીના બાળકોને આવાં ઉદાહરણ આપીએ એ યોગ્ય નથી. એમનાં ઉછેર અને કોમળતાની આ મર્યાદા છે.

બીરબલ અને બાદશાહ જંગલમાં ફરતાં હતાં ત્યાં આદિવાસી સ્ત્રીને બાળક જન્મવાની ક્રિયા ચાલતી હતી. લાંકડાનો ભારો બાજુમાં રાખી બાળકને જન્મ પછી, નાળ કાપી બાળકને ઊંચકીને લાકડાંનો ભારો માથે રાખી ચાલતી પણ થઇ ગઇ.

બાદશાહે મહેલમાં જઇ રાજવૈદ્યને કાઢી મૂક્યો. રાણીઓને આજ્ઞા આપી પોતાની પ્રસૂતિ જાતે જ કરી લેવી. બે-ત્રણ રાણીને તો તૈયારી હતી. રાણીઓ એ બીરબલની મદદ માગી. બીરબલ કારણ સમજી ગયો.

દસ પંદર દિવસે, બીરબલ-બાદશાહ ગુલાબ-ઉદ્યાનમાં ફરવા ગયા. બધાં છોડ કરમાઇ ગયા. રાજાએ માળીને ધમકાવ્યો. માળી કહે, બીરબલે પાણી આપવાની ના પાડી છે એટલે!!

બાદશાહે બીરબલ સામે પ્રશ્નાર્થ નજર કરી. બીરબલ કહે, જંગલમાં વૃક્ષો-ફૂલઝાડને કોણ પાણી પીવડાવવા જાય છે છતાં ત્યાં ફૂલો થાય છે ને? આ પેલી આદિવાસી સ્ત્રીને પ્રસૂતિ જેવું જ છે!

બાદશાહ સંદર્ભ સમજી ગયો અને રાણીઓને તબીબી ચિકિત્સાની મંજૂરી મળી ગઇ.

અપ્સરા જેવી સ્ત્રીને માથાની જૂ ગણીને ફેંકી દેનાર શિક્ષક પર એને નિર્વેદ અને સૂગની લાગણી જન્મી, તો બીજી તરફ પેલી દુખિયારી સ્ત્રી પ્રત્યે અપાર અનુકંપા જાગી

ધર્મપત્ની
- કેશુભાઈ દેસાઈ

'તમે વારંવાર ઉધરસ ખાઓ છો,
બહુ કફ થઇ ગયો લાગે છે!'

'એવું નથી...' કાન્તિભાઇએ અધવચ્ચે આવી ગયેલી ઉધરસનો હુમલો દબાવવાની કોશિશ કરતાં ખોખરા અવાજે વાક્ય પૂરૂં કર્યું, 'સાવ સૂકી ખાંસી આવ્યા કરે છે. ઊંઝાના વૈદરાજની દવા દઉં છું પણ ફરક પડતો નથી.'

ફોનના સામા છેડે બેઠેલા કાન્તિભાઇના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. મંયક ચૌધરીને વહેમ પડ્યો. એણે જરા દબાતા સ્વરે પ્રશ્ન કર્યો : 'ઉધરસ લાંબા વખતથી છે કે હમણાંથી જ આવવા લાગી છે? લાંબા વખતથઈ સૂકી ઉધરસ રહ્યા કરતી હોય તો નિષ્ણાત ડોકટરની સલાહ લેવી હિતાવહ ગણાય.'

કાન્તિભાઇએ માંદલું હસવાનો પ્રયાસ કર્યો ત્યાં ફરી પાછો ઉધરસનો હુમલો આવી ગયો. થોડીવાર પછી રાહત થઇ એટલે બોલ્યા : 'તમે એલોપથીવાળા દરેક જગ્યાએ શંકાનો કીડો સળવળતો કરતા રહો છે. મને આયુર્વેદ પર ભરોસો છે.' થોડું અટકીને, ગળું ખોંખારી ઉમેર્યું : 'સાચું કહેજે મયંક, તને કેન્સરનો ડાઉટ પડે છે ને!'

મયંક ચૌધરી ના પણ કેવી રીતે પાડે? એને 'ડાઉટ' શું, ખાતરી પડી ગઇ હતી કે સાહેબને -

એની આંખો સામે ત્રીસ વરસ પહેલાંનું એ દૃશ્ય સાકાર થઇ ઊઠ્યું. મધુકાંતા રામી... જાણે હાજરાહજૂર મેનકા. આમ તો ગુરૂપત્ની એટલે માતા સમાન. છતાં એનું છલોછલ રૂપમાધુર્ય એને અકળાવી ગયેલું. એની કથની સાંભળી ત્યારે એ હચમચી ઊઠ્યો હતો.

'તમે તો મારા નાના ભાઇ જેવા. દુખ ગાઉં તો પણ કોની આગળ જઇને ગાઉં? તમારા સાહેબને મેં તો દેવ ગણીને પૂજ્યા હતા. એમને મારા પર ભરોસો ન હોય એમાં હું શું કરી શકું? દરરોજ જાતજાતનાં સવાલ પૂછે. બાથરૂમમાં ઠોઉં ને ફોન ન લઇ શકી ઠોઉં તો સીધા ઘેર દોડી આવે. હત તો ત્યારે થઇ ગઇ કે એમણે પાડોશમાં રહેનારી ચંચી ડોશીને મારી ચોકી કરવાનું કામ સોંપ્યું હોવાનું ખુદ એમનાં જ મોઢેથી સાંભળવા મળ્યું!' મધુકાન્તાના ગળામાં ખરેરી બાઝી ગઇ હતી. મયંકે એને પાણીનો ગલાસ ધર્યો હતો. એકાદ ઘૂંટડો પાણી પી લઇ એણે રડતાં રડતાં કહ્યું હતું : 'ભાઇ, તમે તો મેડિકલ લાઇન લીધી છે ને! મને મરીજવાની ટેબ્લેટ લાવી આપો ને! હું ય છૂટું ને તમારા સાહેબ પણ છૂટે. આવી વખાની જિંદગી તે કેવી રીતે જિવાય?'

મયંકે એના આંસુ લૂછવા રૂમાલ ધર્યો હતો. રડીને રાતી હિંગળોક થઇ ગયેલી આંખોમાંથી જાણે આંસુ નહીં, લોહી દદડી રહ્યું હતું. એકાએક લાગણીના આવેશમાં એણે મયંકનો હાથ પકડી લીધો હતો : 'હું શું કરૂં મયંક, તું જ કહે! તારા સાહેબ મને વગર વાંકે...' એ આગળ કશું બોલી શકી નહોતી. ફક્ત ધીમો ડૂઠવો મુકી એની છાતી સરસું મોઢું સંતાડી હીબકાં ભરતી રહી હતી.

મયંકને એની દયા આવી ગઇ હતી.

'ભગવાન પર ભરોસો રાખો મધુબેન!' એણે ધીમે રહીને એના બેઉ ખભા પકડી આંખમાં આંખ પરોવીને આશ્વાસન આપતાં કહ્યું હતું : 'બધું સમુસૂતરૂં થઇ જશે, દુઃખ તો સતી સીતાને પણ ક્યાં નથી પડ્યું? બલકે દુઃખ તો પવિત્ર અગ્નિ છે, એમાં તપાવીને ઇશ્વર માનવીના સતની જ કસોટી કરતો હોય છે.'

મયંક એ બધા શબ્દો પોપટની જેમ બોલી ગયો હતો, છતાં મધુકાન્તાને એ સંજીવની સમા લાગ્યા હતા.

'સાચું કહું?' એણે સોફામાંથી ઊભા થતાં કહ્યું હતું : 'તારો સાહેબ તો તને પણ -' મધુકાન્તાનું અધૂરૂં વાક્ય ખુદ મયંકે પૂરૂં કર્યું હતું : 'ભલે ને જુએ. આપણે સાચા હોઇએ તો ઝખ મારે છે ઝાંપાવાળી! મને શંકાની નજરે જોતા હશે તો એ પાપમાં પડશે. મારે મન તો તું મા છે - સગી જનેતા કરતાં પણ કંઇક વધારે. ફક્ત બે વરસ સહન કરી લે એમનો જુલમ હું. ત્યાં સુધીમાં મારૂં ક્લિનિક શરૂ કરી દઇશ. મારા મા-બાપ તો મને નાનો મુકીને પ્રભુને પ્યારાં થઇ ગયાં છે.' સાંભળ, તને બહુ લાગી આવે તો આવી જજે મારે ઘેર. તને જરીકે ઓછું નહીં આવવા દઉં... ધિસ ઇઝ માઇ પ્રોમિસ ટુ ... યુ...' મયંકે એને વહાલની ચૂમી ભરી લીધી હતી. એના રૂંવે રૂંવે ઝણઝણાટી ફરી વળી હતી. કહેવા પૂરતી તો એને મા કહી દીધી હતી, પણ શું ખરેખર એને પોતે એવી પવિત્ર નજરે જોતો હતો?

- ત્રીસ વરસ પછી પણ ડો. મયંક ચૌધરીને એ કોચડાને સાચો ઉકેલ મળ્યો નથી.

'સાહેબ!' એણે અતીતમાંથી મહાપરાણે, કાદવમાં ખૂંપી ગયેલો પગ બહાર ખેંચી કાઢતો હોય એમ - એની જાતને બહાર ખેંચતા કહ્યું : 'તમારે મેડિકલ ચેકઅપ તો વેળાસર કરાવી જ લેવું જોઇએ. હું તો સિમ્પલ ફેમીલી ફિઝિશિયન છું. તમારે નિષ્ણાત ડોકટરની સલાહ લેવી જોઇએ.'

કાન્તિભાઇ ફરી એકવાર ખોંખરૂં ખોંખરૂં હસ્યા : 'બહુ બહુ તો મરી જઇશું એ જ ને! આમેય સાઇઠે તો પહોંચ્યો છું.મારે કેન્સરની ભુતાવળ માથે ઓઢીને નથી જીવવું...' વળી એક ઉધરસનું અલ્પવિરામ. ડો. મયંક ચૌધરીને થયું : મારે રૂબરૂ જ પહોંચી જવું પડશે. આ માણસ એની હઠ છોડશે નહીં. અને પેલી કમનસીબ સ્ત્રી બિચારી અકાળે વિધવા થઇ જશે...એણે જીવન દરમિયાન તો એને શુખ નથી આપ્યું, હવે મરી જઇને તો બિચારી બાઇને સમૂળગી રઝળાવી દેશે. હિંમત કરીને એણે કહી જ દીધું : 'જરા બહેનને આપશો? એમની સાથે વાત કર્યે વર્ષો થઇ ગયાં છે. એમને પણ સારૂં લાગશે!'

કાન્તિભાઇએ ખંધું હસીને કહ્યું, : 'ડો. મયંક, તું જે બહેનને મળવાની વાત કરે છે એ મારી સાથે નથી રહેતા. આઇ મસ્ટ ટેલ યુ ફ્રેન્ડલી. મને એવું કેરેક્ટર ડાઉટફુલ લાગેલું એટલે મેં સામેથી એની સાથે ડિવોર્સ લઇ લીધા તા. આજે તો એ વાતને નહીં નહીં તોય પચ્ચીસ-ત્રીસ વરસ્ થઇ આવ્યાં.'

'પચ્ચીસ-ત્રીસ વરસ થઇ ગયાં - એમ!' મયંક ફરી પાછો ત્રીસ વરસ જૂની એ સ્મરણ ખાઇમાં ખાબક્યો.

'એ અત્યારે ક્યાં છે?' સવાલ ઊગું ઊગું થઇ આથમી ગયો. જે માણસ એના એકેએક પગલામાં શંકાના કીડા સળવળતા જોવા ટેવાયો હોય એને એ સ્ત્રીની સાથે છૂટા થઇ ગયા પછી કશું જાણવાનો રસ હોય ખરો? અપ્સરા જેવી સ્ત્રીને માથાની જૂ ગણીને ફેંકી દેનાર શિક્ષક પર એને નિર્વેદ અને સૂગની લાગણી જન્મી, તો બીજી તરફ પેલી દુખિયારી સ્ત્રી પ્રત્યે અપાર અનુકંપા જાગી. ઓચિંતું જ એની ભીંતર બેઠેલું ઝમીર ટહુક્યું : મારે મધુકાન્તાને મળવું જોઇએ. એણે આટલાં વરસ કઇ રીતે કાઢ્યાં હશે બિચારીએ? કોણ જાણે એને કોઇ હાથ ઝાલનારૂં સમદુખિયારૂં મળ્યું હશે કે કેમ! બલકે શી ખાતરી કે એણે ના ભરવાજોગ આકરૂં પગલું નહીં ભર્યું હોય? એના શરીરમાં ભયનું લખલખું ફરી વળ્યું.

● ● ●

છ મહિના પછી એક દિવસ ઓચિંતો જ એનો ફોન રણક્યો. 'ડો. મયંકભાઇ સાથે વાત કરી શકું? હું મધુબેન બોલું છું - '

'અરે વાહ! કેટલાં વર્ષે!' મયંક ઊછળી પડ્યો.

'મયંકભાઇ, તમારા સાહેબ ગુજરી ગયા છે...' એના અવાજમાં ડૂસકું ઓગળી ગયું.

'પણ બહેન, એ તો -' મયંકને અધવચ્ચે અટકાવીને એણે કહ્યું : 'તમારી વાત સાચી છે ભાઇ. એમને મને કાઢી મુકી હતી. કોઇ શિક્ષિકાની સાથે લગ્ન પણ કરી લીધાં હતાં અને એનાથી એમને બાળક પણ થયાં હતાં... પણ પછી -'

મયંકને એની સિલસિલાબંધ વિગત જાણવામાં રસ નહોતો.

'હું કળી શકું છું આખી વાત.' એણે ધીમું ધીમું હસીને પૂછ્યું :

'પેલીએ તો એમને કેન્સરના જડબામાં ઓરાયેલાં સમજીને તરછોડી દીધા હશે. તમે તો આખરે ધર્મપત્ની હતાં ને!'

સામેથી ફક્ત ભીનો-શો હકાર આવ્યો : 'એમની તબિયત જોવા ભલે ન આવ્યા હો. એમની શ્રધ્ધાંજલિમાં જરૂર આવજો!' - ને ફરી એક વાર ત્રીસ વરસ પહેલાનું એ સ્મરણ તાજું થઇ ઉઠ્યું.

માનવ સ્વભાવની એક વિચિત્ર ખાસીયત છે કે જે તેના પાસે હોય, સતત હોય, સરળતાથી મળ્યું હોય - તેને અવગણવું, તેના તરફ ધ્યાન ન આપવું, તેના પ્રત્યે જવાબદારી પૂર્વક ન વર્તવું

હોય તેની કદર કરતાં શીખો!
- હરેશ ધોળકિયા

માનવ સ્વભાવની એક વિચિત્ર ખાસીયત છે કે જે તેના પાસે હોય, સતત હોય, સરળતાથી મળ્યું હોય - તેને અવગણવું. તેના તરફ ધ્યાન ન આપવું. તેના પ્રત્યે જવાબદારી પૂર્વક ન વર્તવું. પણ હા, જો તે બાબત ગુમાવી બેસે, તેનો અભાવ અનુભવે, તેના વિના હેરાન થાય, "ત્યારે" તેની કિંમત તેને સમજાય. પછી તે ફરી મેળવવા હાયવોરી કરી નાખે, ન મળે તેમ હોય તો તેનો વિયોગ અનુભવે. રડે. કકળાટ કરે. પણ "હોય" ત્યારે કશું ન કરે. "એ તો હોય જ" એમ માનીને... જીવે. હોય તેની કદર ન કરવી. ન હોય તેને - ત્યારે ઝંખવું! માનવ જીવનની આ જબરી કરૂણતા છે.

જુઓ ને! માતા, પિતા, ભાઇ, બહેન, વડીલો, પતિ, પત્ની, મિત્રો... કેવાં સરળતાથી મળે છે. તેમનો પ્રેમ-સ્નેહ પણ વણમાગ્યા કરે છે. માણે છે તે બધા. પણ તે બદલ તેમની 'કદર' કેટલા કરે છે? ક્યારે પર તમને "તમારો આભાર" એમ કહે છે? કૃતજ્ઞતા વ્યક્ત કરે છે? બસ! એ તો એમ જ હોય - એમ માની લે છે! મારા જીવનના ઘડતરમાં, મને સ્વસ્થ રાખવામાં, મારી ઇચ્છાઓને તૃપ્ત કરવામાં ગયેલ વ્યક્તિનો કેટલો મોટો ફાળો હતો! ત્યારે તેની ગેરહાજરી ભયંકર ચૂભે છે. તેનો ખાલીપો અનુભવાય છે. પછી રડીએ છીએ, પણ તે હોય ત્યારે? તેનો ઉપયોગ અવશ્ય કરીએ છીએ. કદાચ તે માટે તેનું શોષણ પણ કરીએ કે તેને રડાવીએ છીએ. કદર તો નથી જ કરતા અને જેવી તે વ્યક્તિ ગઇ - કે તેનો વિરાટ ફોટો મુકીએ છીએ. મોંઘામાં મોંઘો હાર પહેરાવીએ છીએ. પણ હાજર હોય ત્યારે (હાર કરતાં પણ) એક સસ્તી વસ્તુ માગતાં પણ તે વ્યક્તિને ખૂબ ત્રાસ આપ્યો હોય છે.

આવું જ પોતાના શરીર વિશે છે, શરીરરૂપી અદ્‌ભૂત જીવંત યંત્ર કુદરત તરફથી ભેટ મળ્યું હોય છે. તંદુરસ્ત, શક્તિશાળી, ગતિશીલ - બધાં લક્ષણોવાળું. પણ જ્યાં સુધી આ બધું હોય, ત્યાં સુધી તે પણ "ડેઇકન ફોર ગ્રાન્ટેડ!" માની લઇએ છીએ. પણ એક વાર બગડ્યું, તે પળે ખ્યાલ આવે છે કે શરીર કેવું મહત્તમ કિંમતી સાધન છે! પછી ધમપછાડા કરીએ છીએ તેને સ્વસ્થ કરવા. પણ એકવાર સ્વસ્થ થયા, તો પાછું તેને અવગણવું શરૂ કરી દઇએ છીએ. મુદ્દો એ છે કે વ્યક્તિ પોતાના શરીર માટે કુદરતનો કે ખુદ શરીરનો ક્યારે આભાર માને છે ખરી? જે અંગનો ઉપયોગ તે કરે છે. તેનો આનંદ મેળવે છે ત્યારે તેનો 'આભાર' માની તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે?

કદાચ હસવું આવે કે એમાં આભાર શું માનવો! શરીર કામ કરવાનું માધ્યમ તો છે જ! તેમાં વળી શું કૃતજ્ઞતા! આવો વિચાર આવે તો શરીરની કિંમત આપણને ખબર નથી તેમ માનવું. દરેક અંગ કેટલી સેવા આપે છે તે કદી જાગૃતિપૂર્વક "જોયું" છે? જોવા જેવું છે. તો તેની "સેવા" નો ખ્યાલ આવશે. બે-ચાર ઉદાહરણ જોવા જેવા છે.

આપણા પગ વિશે વિચારો તો. તે આપણા જીવનની હલચલનું મુખ્ય માધ્યમ છે. વિચારો કે પગ કેટકેટલું કામ કરી શકે છે આપણું! બેસવું, કસરત કરવી, કરસત કરવી, નૃત્ય કરવું, પગથિયાં ચડવાં, કાર ચલાવવી, દોડવું અને સૌથી જાદુભર્યું-ચાલવું! તેની મદદથી જ આપણે આપણા ઘરમાં, બાથરૂમમાં, રસોડામાં, શેરીઓમાં, બસ સ્ટેશન તરફ સર્વત્ર ચાલી શકીએ છીએ. આ ચાલવાની શક્તિ જ આપણને જીવનનો આનંદ માણવાની સ્વતંત્રતા આપે છે. આ બધા માટે પગ આભારના અધિકારી નથી?

તો આપણા હાથ! તેની મદદથી આપણે એક દિવસમાં કેટકેટલી વસ્તુઓ પકી શકીએ છીએ! આપણા જીવનમાં સૌથી ઉપયોગી સાધન જ હાથ છે અને તેનો ઉપયોગ આપણે આખો દિવસ-આખું જીવન અટક્યા વિના કર્યા કરીએ છીએ. લખવું, ખાવું, ફોન કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરવો, નહાવું, તૈયાર થવું, વસ્તું ઉઠાવવી અને પકડવી, વગેરે. હાથ વિના કેટલી પરાધીનતા હોઇ શકે તે કદી વિચાર્યું છે? કેટલાની ગુલામી-લાચારી-ભોગવવી પડે તેનો ખ્યાલ આવે ખરો? તો તે પણ આભારના હકદાર નથી?

અને આપણી ઇન્દ્રિયો? કેટલી અદ્‌ભૂત છે તે બધી? આખો દિવસ તે કેટલા પ્રકારના આનંદ અને સુખો આપે છે તે? એક દિવસ શરદી થઇ અને નાક બંધ થયું તો?

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

લ્મી ડિસેમ્બર

- બ્રહ્માંડમાં પગરણ માંડનાર પ્રથમ ગુજરાતી સુનિતા વિલિયમ્સ ૯-૧૨-૨૦૦૬ની મોડી રાત્રે અમેરિકાના કેપ કમેરવલથી ડિસ્કવરી સ્પેશ શટલ દ્વારા અવકાશમાં પહોંચ્યા.
- ભારતીય નૃત્યકલાને વિશ્વ વિખ્યાત બનાવનારા ઉદરશંકરની જન્મજયંતિ ૯-૧૨-૧૯૦૦.

કથ્થકલી - મણીપુરી - ભરતનાટ્યમ્ રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કરતા.

- ૧૯૧૧માં દેશમાં દુષ્કાળ પડ્યો. મહાત્મા ગાંધીએ ઉદાર હાથ ફાળે એકત્ર કરવા અગ્રણી ભૂમિકા આપી.
- ૧૬૦૮ - અંગ્રેજી સાહિત્યના મહાન કવિ પેરેડાઇઝ લોસ્ટના સર્જક કવિ જહોન મિલ્ટનનો લંડનમાં જન્મ.
- કલાગુરૂ રવિશંકર રાવળનો જન્મ.



- ૧૯૭૧ - પૂનાના તારાબાઇનું અવસાન.

ચૂંટણી અંગેના કાયદા અને ગુનાની સરળ સમજૂતી

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

લોકશાહીના મહાપર્વ ચૂંટણી તાજેતરમાં જ યોજવા જઇ રહેલ છે. તેવા સંજોગોમાં આમ આદમીને ચૂંટણી સંબંધીત કાયદા અને તેના ભંગ બદલ ગુનાની જાણકારી હોવી આવશ્યક છે. ચૂંટણીનો 'હક્ક' નિર્વાચીન અધિકારના રક્ષણ માટે ભારતનો ફોજદારી અધિનિયમ, ઇન્ડીયન પીનલ કોડ, તેમજ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ - ૧૯૫૧, તેમજ ધી રિપ્રેઝેન્ટેશન ઑફ ધી પીપલ એક્ટ ૧૯૫૧, નો ચૂંટણીધારો - બંને કાયદા હેઠળ અમુક પ્રકારના કૃત્યો એ ગુનો બને છે. તેમજ આવા કૃત્યો કરનારને ગુનેગાર ગણી શિક્ષા તથા દંડના મેજી. દ્વારા કરવામાં આવે છે. જેમાં અમુક ગુના પોલીસ અધિકારના એટલે કે પોલીસ વગર વૉરંટે પકડી ગુનાની તપાસ કરી શકે તેવા 'કોગ્નીઝેબલ' તેમજ અમુક ગુના પોલીસ અધિકાર બહારના 'નૉન કોગ્નિઝેબલ' ગણવામાં આવ્યા છે.

(૧) પોલીસ અધિકાર બહારના ચૂંટણી સંબંધીત ગુનામાં, લાંચ આપવાનો ગુનો કરનારને સાદી કે સરળ મજૂરીની એક વરસ સુધીની એક અથવા તો બંને સજા થઇ શકે છે. આવી લાંચ. નાણામાં, પીણામાં, ખોરાકમાં, ખાદ્ય પદાર્થોથી, વસ્તુથી કે મનોરંજનના સાધનોથી આપવામાં આવે તેમજ મેહમાનોની સરભરા કરવા પૂરતી હોય તો ફક્ત એકલો દંડ જ કરી શકાય છે.

(૨) ચૂંટણી દરમિયાન ખોટું દબાણ કરી ગેરવ્યાજબી લાગવગ વાપરી વૉટ આપવા દબાણ કરવા માટેના ગુનામાં એક વરસની કેદ તથા દંડની જોગવાઇ છે.

(૩) ચૂંટણીના પરિણામને અસર કરતા ખોટી હકીકત, ભ્રામક પ્રચાર-અપ્રચાર કરી ઉમેદવારના હક્ક ને નુકશાન થાય તેવા ગુનામાં પણ દંડ અને સજા કરવામાં આવે છે. આવા ગુના પ્રિન્ટ મીડિયા દ્વારા લખાણથી કે માસ મીડિયા દ્વારા, પત્રિકા દ્વારા કરી અન્ય ઉમેદવારને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય, ત્યારે અમલી બને છે.

(૪) ચૂંટણી દરમિયાન નાણાંની ગેરકાયદેસર ચૂકવણી કરવાના ગુના માટે પાંચસો રૂપિયાનાં દંડની જોગવાઇ છે.

(૫) ચૂંટણી દરમિયાન કોઇએક વ્યક્તિના બદલામાં બીજી વ્યક્તિ વૉટ આપે તો પોલીસ અધિકારના ગુના બદલ ધરપકડ કરી દંડ અને સજા બંને ના. કોર્ટ ફરમાવી શકે છે.

(૬) ચૂંટણી પરિણામને ગંભીર રીતે અસર કરવા ખોટી હકીકત જાહેર કરનારને દંડની સજા થાય છે.

ઉપરના તમામ ગુનાઓ જામીન લાયક છે અને તેની ન્યાયીક કાર્યવાહી મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ કે પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટનો કોર્ટમાં સત્તા આપવામાં આવેલ છે.

પોલીસ અધિકારના ગુના માટે એટલે કે કોગ્નિઝેબલ ગુના

- ચૂંટણી સભાઓમાં ધાંધલ, ધમાલ કરવા માટેના ગુના માટે છ મહિના સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષા થઇ શકે છે.
- ચૂંટણી અંગેના અધિકારીઓ તેમજ પોલીસે ઉમેદવારો માટે કામ ન કરવું તેમજ, મતદાનની બાબતમાં લાગવગ વાપરી પ્રતિબંધનું ઉલ્લંઘન કરનારને છ માસની કેદ અથવા દંડ તેમજ બંને શિક્ષા થઇ શકે છે.
- મતદાન મથકમાં અથવા તેન નજીક પ્રચાર કરવા પર પ્રતિબંધની જોગવાઇનું ઉલ્લંઘન કરવા બદલ અઢીસો રૂપિયા સુધીના દંડની અને શિક્ષાને પાત્ર છે.
- મતદાન મથકે ગેરવર્તન કરે અથવા મતદાન મથકના અધિકારીના આદેશનું પાલન ન કરે તે વ્યક્તિ ત્રણ મહિના સુધીની કેદ અથવા દંડ તેમજ બંને શિક્ષાને પાત્ર બને છે.
- ચૂંટણીના સંબંધમાં હોદ્દાકીય ફરજનો ભંગ થાય તેવું કૃત્ય કરનારને પાંચસો રૂપિયા સુધીનાં દંડની શિક્ષાને પાત્ર બને છે.
- મતદાન મથકે અગર તેની નજીકમાં હથિયાર ધારણ કરીને જયા પણ પ્રતિબંધની જોગવાઇનું ઉલ્લંઘન કરનારને બે વરસ સુધીની કેદ અથવા દંડ તેમજ બંને શિક્ષાને પાત્ર બને છે.
- કપટપૂર્વક મતદાન મથકમાંથી મતપત્રો ખસેડવાના ગુના માટે એક વરસ સુધીની કેદ તેમજ પાંચસો રૂપિયા સુધીના દંડની જોગવાઇ છે.
- મતદાન મથક જબરદસ્તીથી કબજે કરવાના ગુના માટે ત્રણ વરસ સુધીની સજા અને દંડની જોગવાઇ છે. તેમજ આવું કૃત્ય સરકારી કર્મચારીએ આચરેલ હોય તો પાંચ વરસની જેલની જોગવાઇ છે.
- ઉમેદવારી પત્ર, ચૂંટણી અધિકારીની યાદી, નોટીસ, વિગેરેમાં કપટપૂર્વક છેડછાડ કરવો, અગર તેનો નાશ કરવો તેના ગુના માટે કારકૂન કે અધિકારીને ત્રણવરસની સજા અને દંડની જોગવાઇ છે.

ચૂંટણીધારો સંસદના ગૃહોની અને રાજ્યનાં વિધાનમંડળના ગૃહ અને ગૃહોની ચૂંટણી સંચાલન માટે તે ગૃહોના સભ્યપદ માટેની લાયકાતો અને ગેરલાયકાતો માટે એવી ચૂંટણીઓ વખતે અથવા તેના સંબંધમાં ગેરરીતીઓ અને બીજા ગુના માટે અને એવી ચૂંટણીઓની અથવા તેના સંબંધમાં ઉપસ્થિત થતી શંકાઓ અને તકરારોના નિર્ણય માટે જોગવાઇ કરવા માટે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ઘડવામાં આવ્યો છે. તેમાં સાધનો જપ્ત કરવાની (રિટેઇન) કરવાની, પોલીસની મદદ લેવાની અને ચૂંટણીને લગતાં ગુના અને શિક્ષાની પણ જોગવાઇ છે.

શાંતિ અને સલામત રીતે, જનતા પરેશાન થાય નહીં, તે રીતે ચૂંટણી પ્રક્રિયા પુરી કરવામાં માટે આચારસંહિતા અમલમાં મુકવામાં આવે છે. જેમાં પોલીસ અધિકાર બહાર ગુના માટે ચર્ચા આવતા અઠવાડિય કરીશું.

ગુજરાત રાજયમાં ચૂંટણી આચારસંહિતાનો ખૂબ જ કડકથી અમલ કરવામાં આવી રહ્યો છે જેથી શાંત અને સલામત રીતે લોકશાહીના આ મહાપર્વની ઉજવણી લોકશાહી રીતે કરી શકાય.